# ❀ શાસન સેવા - આજીવન ચાર્જિંગ ❀

- પ્રિયમ્

વર્તમાન પરિસ્થિતિમાં શાસનની સમસ્યાઓ હજાર છે. સમસ્યાઓ ઉત્પન્ન કરનારા લાખો છે. સમસ્યાઓ સામે લડનારા દશ છે. એમને સલાહો આપનારા સો છે. એમને માથે માછલા ધોનારા પચાસ છે. સફળતાની સંભાવના ૫૦% છે કે નથી ને એ દશ વચ્ચે પરસ્પરનો મેળ નથી.

હજાર સમસ્યાઓના સરવાળા જેવી સમસ્યા એ છે કે આ સ્થિતિમાં એ દશ જણે ભાવ કઈ રીતે ટકાવવો ? ને જો ભાવ નહીં ટકે તો સમસ્યાઓ સામે લડાશે કઈ રીતે ? બીજી બાજુ જેમને શાસનની કશી જ પડી નથી ને ઉલ્ટુ અવળા કામો કરવા દ્વારા જેઓ શાસનને નુકશાન પહોંચાડી રહ્યા છે, તે પાછા 'મજા'માં દેખાય છે. ને આપણે જાણે શાસનના કામ કરવા માટે નીકળીને ગુનો કર્યો હોય એ ટાઈપના પ્રતિભાવો હોય છે. તો આમાં પણ ભાવ શી રીતે ટકાવવો ?

**ષષ્ટિશતક ગ્રંથ** આનો જવાબ આપે છે -

जह जह तुट्टइ धम्मो, जह जह दुट्ठाण होइ अइउदओ ।
सम्मदिट्ठिजीवाणं, तह तह उल्लसइ सम्मत्तं ॥

***જેમ જેમ ધર્મ તૂટે અને જેમ જેમ દુષ્ટોનો ખૂબ ઉદય થાય***
***તેમ તેમ સમકિતી જીવોનું સમ્યક્ત્વ વધુ ને વધુ ઉલ્લસિત થાય છે.***

**ખરી શ્રદ્ધા એ છે કે જે કદી તૂટી શકતી નથી, જે તૂટી શકે છે, એ ખરી શ્રદ્ધા હોતી નથી. ખરી શાસનસંવેદના એ છે જે કદી ખૂટી શકતી નથી, જે ખૂટી શકે છે, તે ખરી શાસનસંવેદના હોતી નથી. જ્યાં ખરો શાસનપ્રેમ હોય છે. ત્યાં પ્રતિભાવની અપેક્ષા નથી હોતી, જ્યાં પ્રતિભાવની અપેક્ષા હોય છે ત્યાં ખરો પ્રેમ હોતો નથી.**

સમકિતી જીવ સમજે છે કે જો સારા પ્રતિભાવ સાથે ઉલ્લાસથી શાસનનું કામ કરવામાં ૧ લાખ પોઈન્ટનું પુણ્ય મળતું હોય, તો શૂન્ય પ્રતિભાવ સાથે ઉલ્લાસથી શાસનનું કામ કરવામાં ૧ કરોડ પોઈન્ટનું પુણ્ય મળે છે અને ખરાબ પ્રતિભાવ સાથે ઉલ્લાસથી શાસનનું કામ કરવામાં ૧૦૦ કરોડ પોઈન્ટનું પુણ્ય મળે છે. જ્યારે વસ્તુસ્થિતિ આ જ છે, ત્યારે શાસનના કાર્યો કરવામાં જેમ જેમ વિઘ્નો કે વિપરીત પ્રતિભાવો મળે, તેમ તેમ ઉલ્લાસ વધે કે ઘટે ?

तह तह उल्लसइ सम्मत्तं ।

શાસન માટે તદ્દન નિશ્ચિંત જીવો કે શાસનવિરોધી જીવો મજામાં દેખાય, તો ય સમકિતીનું સમ્યક્ત્વ વધુ વિશુદ્ધ જ થવાનું છે, કારણ કે એનાથી પણ એની જિનવચનની શ્રદ્ધા વધશે. કારણ કે એ સમજે છે કે 'પાંચમા આરાની આવી બધી પરિસ્થિતિ હશે, એવું ભવિષ્ય પ્રભુ ભાખી જ ગયા છે. કર્મપરિણતિ વિચિત્ર હોય છે. પાપીને ય પૂર્વકૃત પુણ્યનો ઉદય હોઈ શકે છે, પણ એની પરિસ્થિતિ તગડા બકરા જેવી હોય છે, જે વહેલો/પહેલો કપાઈ જાય છે. કેવું છે આ સંસારનું સ્વરૂપ !'

**સારા પ્રતિભાવની ભૂખ એ શાસનસંવેદનાની ખામીનું લક્ષણ છે. આ સ્થિતિમાં શાસનસેવા 'લક્ષ્ય' નથી હોતી, અહંસેવાનું 'માધ્યમ' હોય છે. 'શાસન' 'શાસન' - ના નારા સાથે બીજું જ કંઈ બફાઈ રહ્યું હોય છે.**

ઘણા કાર્યકર્તાઓને પ્રશંસાની ભૂખ નથી હોતી, પણ નિંદા તો ન જ થવી જોઈએ એવો આગ્રહ હોય છે, એક તો કામ કરીએ ને ઉપરથી અપમાન ખમીએ, આવું તો કેમ ચાલે ? આવી તેમની ફરિયાદ હોય છે. પણ આ ફરિયાદનો તાત્પર્યાનુવાદ કરીએ, તો ફરિયાદ જ નહીં રહે, તાત્પર્યાનુવાદ એ થશે કે 'એક

તો ઉપકાર કરીએ ને ઉપરથી અપકાર ખમીએ' શું આપણે કરેલું શાસનનું કાર્ય એ શાસન ઉપર ઉપકાર છે ? જો ના, તો પછી આવી ફરિયાદ ઊભી થવાનો સવાલ જ આવતો નથી.

છેલ્લો સવાલ એ આવે છે કે અમને પ્રશંસાની ય નથી પડી ને નિંદાની ય નથી પડી, અમારે અહંકાર પણ નથી પોષવો, પણ માણસને સ્વમાન તો હોય ને ? નાક તો હોય ને ? લોકો એની સાથે ય છેડછાડ કરે એ કેમ ચાલે ? **એનો સીધો જવાબ એ છે કે જો આપણા હૃદયમાં શાસનની ખરી સંવેદના હોય ને ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં ય શાસનની સેવા કરવાનો આપણો ખરો ભાવ હોય, તો આપણે આપણું નાક આપણી જાતે જ કાપીને શાસનની સેવા કરવા નીકળવું જોઈએ. જો આપણા નાકની કિંમત શાસન કરતા વધી જશે, તો આપણે શાસનની ખરી સેવા નહીં કરી શકીએ. વહેલા-મોડા પણ બે રસ્તા આવશે ને આપણે નાકની સેવાના રસ્તે નીકળી પડશું. સૂક્ષ્મદૃષ્ટિએ જોઈએ તો નાકનું ચડિયાતું મૂલ્યાંકન કરનારા જ્યારે નાક સચવાતું હોવાના કારણે જ્યારે શાસનસેવા કરતા પણ હોય છે, ત્યારે ય હકીકતમાં તો તેઓ નાકસેવા જ કરતા હોય છે.**

સ્વમાન પણ સૂક્ષ્મ માનકષાય છે. માટે જ પ્રભુએ ગાળો ને નીચ આક્ષેપો ય સહી લીધા, પણ બચાવ કે ખુલાસા નથી કર્યા, ને માટે જ એમનો મોક્ષ થયો છે. પ્રભુના સ્ટેટસ જેવું આપણું સ્ટેટસ પણ નથી, ને પ્રભુના અપમાનો જેવા આપણા અપમાનો ય નથી, આપણું બે ય ક્ષુદ્ર છે, માટે આપણે માનકષાય છોડવો બહુ જ સહેલો છે.... અનેકગણો સહેલો છે.

મૂળ પ્રશ્ન તો એટલો જ છે, કે આપણે શાસનસેવા કરવી છે કે નહીં, કરવી છે, તો આપણને કશું જ નડી શકે તેમ નથી, નથી કરવી, તો કોઈ રીતે થઈ શકે તેમ નથી. બાયચાન્સ, થઈ પણ જાય, ત્યારે ય નિશ્ચયદૃષ્ટિએ તો નથી જ થઈ હોતી.

**સત્યાગ્રહ ધંધામાં નથી ચાલતો, ઘરમાં નથી ચાલતો, તો પછી શાસનસેવામાં 'હું' સાચો - નો આગ્રહ શા માટે ? બીજી અઢળક જગ્યાએ આપણે મૂંછોને નીચી કરીએ છીએ, માટે જ કહેવાય છે કે વાણિયાની મૂંછ સાત વાર નીચી, તો પછી શાસનસેવામાં એને સિત્યોતેર વાર નીચી કરવાને બદલે ઊંચી કરવાની ચેષ્ટા શા માટે ? શું આનો સીધો અર્થ એ નથી ? કે ઘર-ધંધા સાથે આપણને આત્મીયતા છે, પણ શાસનસેવા સાથે આત્મીયતા નથી.**

**तह तह उल्लसइ सम्मत्तं ।**

શાસનના સાચા સેવકનો ઉલ્લાસ વિઘ્નો ને આક્ષેપોની સ્પર્ધા કરતો હોય, તેમ વધતો જ રહેશે. આપણી સેવા સાચી છે કે નહીં, એનું આ જ માપદંડ બની રહેશે, કે આપણો ઉલ્લાસ વિપરીત વાતાવરણમાં ય વધે છે કે નહીં !!!

રહી વાત સફળતા કે નિષ્ફળતાની, તો એનો સીધો જવાબ એ છે કે આપણે એની વ્યવહારિક વ્યાખ્યાઓ જ સમજ્યા છીએ. આપણને યશ મળે એ સફળતા. આપણે જે કામ કરવા ગયા એ થઈ જાય એ સફળતા. એનાથી ઊંધું થાય એ નિષ્ફળતા, પણ હકીકતમાં ભીતરી સફળતા-નિષ્ફળતા આનાથી જુદી હોય છે. **આખી દુનિયા કદાચ આપણને ગાળો આપતી હોય પણ શાસનની સેવાના આનંદથી આપણે અંદરથી છલોછલ હોઈએ, આનું નામ સફળતા. લાખ મથામણ કરતા ય શાસનનું કામ થાય જ નહીં, પણ આપણા હૃદયમાં શાસનસેવાનો ઉલ્લાસ ઉછળતો જ રહે આનું નામ સફળતા. બધા કદાચ ચારસો મોંએ વખાણ કરતા હોય, પણ આપણી અંદરના શુદ્ધ ભાવો ડહોળાઈ ગયા હોય, આનું નામ નિષ્ફળતા. કામ ૧૦૦% પાર પડી ગયું હોય, પણ આપણે ધરાઈ ગયા હોઈએ આનું નામ નિષ્ફળતા. વ્યવહારિક સફળતા બીજાને કામ લાગે છે. આપણને પોતાને તો ભીતરી સફળતા જ કામ લાગે છે.**

આપણું શરીર-સંપત્તિ-શક્તિ-સમય આ બધાની સફળતાનું માપદંડ માત્ર ને માત્ર આ જ છે - શાસનસેવાની સફળતા. એને પામવામાં આપણે બિલકુલ કચાશ રાખવા જેવી નથી.

# ❁ મુમુક્ષુના યજમાનને ❁

એક પુણ્યાત્મા ઘર-પરિવારાદિ છોડીને
ગુરુ ભગવંત પાસે ભણવા/સંયમતાલીમ લેવા આવ્યા હોય,
તેમની ભક્તિનો આપ લાભ લેવા જઈ રહ્યા છો - તે સૌભાગ્યની
ખૂબ ખૂબ અનુમોદના.

આપશ્રી આટલી બાબતોનું ધ્યાન રાખશો એવી ખાસ ભલામણ.

- ઘરે રોજ જે બનાવતા હોય, તેથી વધુ કોઈ આઈટમ્સ બનાવવાની જરૂર નથી.
- મુમુક્ષની હાજરીમાં ટી.વી., મ્યુઝિક સિસ્ટમ, પ્રોગ્રામ્સ/ફિલ્મી ગીતો વગેરે ચાલુ રાખવાથી સંયમધર્મની આશાતના થાય છે, તેથી તેવું ન કરવા વિનંતી.
- મુમુક્ષુની હાજરીમાં વિજાતીય (બહેનો)ના વસ્ત્રો ખૂબ જ મર્યાદાવાળા હોય તે જરૂરી છે. તેનાથી સંયમધર્મનું બહુમાન થાય છે અને ખૂબ પુણ્ય મળે છે.
- અતિ આગ્રહ સાથે બિનજરૂરી વધુ પડતું વપરાવી દેવાથી મુમુક્ષુનું સ્વાસ્થ્ય બગડે તથા સ્વાધ્યાયાદિ આરાધના પણ બગડે, તેથી તેવું ન કરવા વિનંતી.
- કોઈપણ વ્યક્તિના નોર્મલ ખોરાક કરતા એકાસણાનો ખોરાક વધુ હોય, તેમાં પણ રોજના એકાસણા ચાલતા હોય, ત્યારે ખોરાક ઓર વધુ હોય છે. ક્યારેક આપણને આવો ખ્યાલ ન હોય અને મુમુક્ષુ શરમાઈને ભૂખ્યા રહે આવું પણ બની શકે.
- મુમુક્ષુ આપના જેવા જ સારા ઘરમાંથી આવતા હોય છે. બીજાના ઘરે જમવામાં આમ પણ તેમને શરમ આવતી હોય છે, છતાં સંયમતાલીમ માટે બીજો વિકલ્પ ન હોવાથી, તેઓ આપના ઘરે જમવા આવ્યા હોય છે. તેમાં ઊંડી ઊંડી ઘણી બધી પૂછતાછ થાય તો તેમને વધુ શરમ આવે અને મૂંઝવણ થાય, આ વાત આપ સમજી શકો છો.
- જો ઘરે પુરુષ હાજર હોય તો તેમના જ હાથે મુમુક્ષુને પીરસાવવા વિનંતી.
- આપના ભક્તિભાવની અનુમોદના કરીએ છીએ, પણ જ્યાં સુધી દીક્ષાનું મુહૂર્ત ન નીકળે ત્યાં સુધી મુમુક્ષુ કોઈ પણ પ્રકારનું બહુમાન નથી લેતા, તેથી ક્ષમા યાચીએ છીએ.

આપશ્રીની ભક્તિની પુનઃ પુનઃ અનુમોદના.

# ❁ મુમુક્ષુના પરિવારને સપ્રેમ ❁

આપના લાડકવાયાને પ્રભુના પાવન પંથે
આગળ વધવાની રજા આપીને આપે આપની
જવાબદારીને ઉત્કૃષ્ટ રીતે નિભાવી છે.
આપની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે.
આપના દિકરાના આલોક અને પરલોકના ઉત્કૃષ્ટ વિકાસ માટે આપને આ ટિપ્સ ઉપયોગી થશે.

**મુમુક્ષુ એટલે માછલી.
ઉપાશ્રય એટલે પાણી.
મુમુક્ષુને ઘરે લાવવાની પ્રવૃત્તિ
એ
માછલીને પાણીની બહાર
કાઢવાની પ્રવૃત્તિ છે.
માછલી પાણીની બહાર આવે
એટલે ખલાસ થઈ જાય છે.
મુમુક્ષુ ઉપાશ્રયની બહાર આવે
એટલે ખલાસ થઈ જાય છે.**

**મુમુક્ષુ એક-બે મહિના ગુરુકુલવાસમાં રહીને
સાધનાની સીડીમાં
ત્રીશ-ચાલીશ ફૂટનું ચઢાણ ચડ્યો હોય છે.
એ ફક્ત બે દિવસ માટે ઘરે આવે
પછી ભલે પાછો જતો રહે
એવો આપણો ભાવ હોય છે
પણ એના માટે એણે ફરી નીચે ઉતરવું પડશે
ને નવેસરથી ચડવાની મહેનત કરવી પડશે.
એનો વિચાર
આપણે નહીં કરીએ ?**

**મુમુક્ષુ બે-ચાર મહિના તો
ગુરુકુલવાસમાં રહ્યો,
હવે એ થોડા દિવસ ઘરે રહે,
આવો આપણને ભાવ થાય છે.
આપણે પૂછીએ છીએ
''સાહેબજી !
એને થોડા દિવસ ઘરે લઈ જઈએ ?''
આનો સાચો અર્થ શું થતો હોય છે -
ખબર છે ?
''સાહેબજી !
આપે ચાર મહિના મહેનત કરી કરીને
જે નોટ લખી છે,
જેની બીજી કોઈ જ કોપી નથી,
એને અમે ફાડી નાંખીએ.**

**મુમુક્ષુનો અર્થ મહાન યોગી નથી.
મુમુક્ષુ એટલે સાધનાના માર્ગે
પા પા પગલી ભરતો બાળક.
આપણે એને બે દિવસ માટે લઈ જઈએ છીએ.
બેના ચાર દિવસ થાય છે,
એક-બે કામ આવતા સાત દિવસ થઈ જાય છે.
સાત દિવસમાં એનું ચાર્જિંગ ખૂટી જાય છે.
ને પછી કન્ફયુઝ થઈ જાય છે.
હવે હું શું કરું ?
લેવી તો દીક્ષા જ છે,
પણ હવે....
મુમુક્ષુની આ નાજુક પરિસ્થિતિને
આપણે નહીં સમજીએ
તો બીજા કોણ સમજશે ?**

**અહો શ્રુતમ્ : શા બાબુલાલ સરેમલજી** - મુમુક્ષુ + પરિવાર માટે ખાસ બુક : **દીક્ષા પહેલા.**

બુક લિંક - bit.ly/priyambooks

મા-બાપના મોહથી
પરાણે બે દિવસ માટે ઘરે ગયેલ મુમુક્ષુ
અઠવાડિયા પછી
મા-બાપ પરાણે મોકલે તો ય ન આવી શકે.
ખૂબ મુંઝાય
બે બાજુ ઝોલા ખાય
મા-બાપ કંટાળીને કહી દે -
હવે યા તું દીક્ષા લઈ લે
યા પરણી જા,
પણ એ એકે ય નિર્ણય
ન કરી શકે
એવા ઘણા દાખલા છે.

મુંઝાયેલા મુમુક્ષુની
વધતી ઉંમર સાથે
આખું ઘર મુંઝાય છે.
પારિવારિક-સામાજિક પ્રશ્નો ઊભા થાય છે.
સંસાર એને સ્વીકાર્ય નથી
અને
પરાણે દીક્ષા આપી નથી શકાતી
એ હિંમત કરીને દીક્ષા લેવા
તૈયાર પણ થઈ જાય
તો ય એવો ચાર્મ આવતો નથી.
આપણા દિકરાનો
આપણે આટલો ય વિચાર નહીં કરીએ ?

મુંઝવણનું સીધું ફળ છે
દીક્ષામાં વિલંબ.
કિશોરવયનું એક વર્ષ
એ પાછળના દશ વર્ષ કરતા પણ
વધુ પરિણામપ્રદ હોય છે.
'ફક્ત' બે વર્ષનો વિલંબ
એટલે આપણો દિકરો
વીશ વર્ષ પાછળ.
દીક્ષા આપવી જ છે
તો પછી આવો વિલંબ શા માટે ?

હા,
મુમુક્ષુ કે ગુરુ પોતે જ તૈયાર ન હોય,
હજી ઘડતરની જરૂર હોય
એ વાત જુદી છે,
પણ જ્યારે આપણે મોહાધીન થઈને કહીએ કે
''બે વર્ષ પછી.''
ત્યારે આપણે કશું સમજ્યા હોતા નથી
ને
અજાણતાં ય આપણા દિકરાનું
બગાડતા હોઈએ છીએ.

મુમુક્ષુ ઘરે જાય
એટલે વૈરાગ્યનું નવુ ચાર્જિંગ ગુમાવે છે.
વાતાવરણનું પીઠબળ ગુમાવે છે.
વૈરાગ્યનું જુનું ચાર્જિંગ ગુમાવે છે.
ગોખેલી ગાથાઓ ભૂલી જાય છે.
ભણેલા ગ્રંથો ભૂલી જાય છે.
આળસ-પ્રમાદનો શિકાર થાય છે.
આ રીતે
એ ઘરે રહે એટલા દિવસો તો વેડફાય જ છે,
એણે ઉપાશ્રયમાં રહીને જે મેળવ્યું
એ ય લૂંટાઈ જાય છે.

૧૮-૨૦ વર્ષ આસ પાસ દીક્ષા થઈ જાય
તો સારું ભણાય,
સારા તૈયાર થાય તો શિષ્યો થાય,
૩૮-૪૦ વર્ષ આસપાસની ઉંમરે
ભગવતીસૂત્રના મોટા જોગ થઈ જાય
તો સહેલા પડે
ઘડપણ આવવા લાગે ત્યારે અઘરા પડે
જોગમાં પદવી થાય.
આપણું ને પરિવારનું નામ ઉજળું થાય.
જો આપણે ફક્ત આ ભવનું જ જોતા હોઈએ
તો ય વિલંબ કરાવવામાં સાર નથી.
એનાથી દિકરાનું ભવિષ્ય બગડે છે.